| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૧/૦૧/૨૦૨૦  બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૦૧/૨૦૨૦**

## પાસા ના આરોપીની અટકાયતની વિગત

### ગુના નિવારણ શાખા :

### પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરૂધ્ધ નીચે મુજબની વિગતે

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૩૧.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો મારફ્તે ગેરકાયદેસરનો વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી વેચાણ કરનાર ઇસમો (૧) અક્બર નિઝામુદીન વોરા રહેવાસી-૧૬૪૦, સુરતી સોસાયટી, રામોલ રોડ, અમદાવાદ શહેર (૨) મોહમંદ ઇમરાન ઉર્ફે વોરા નીઝામુદીન ગુલામ મયુદીન વોરા રહેવાસી- ૧૬૪૦, સુરતી સોસાયટી, રામોલ રોડ, અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ તથા રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અક્બર નિઝામુદીન વોરા રહેવાસી-૧૬૪૦, સુરતી સોસાયટી, રામોલ રોડ, અમદાવાદ શહેર |
|  | મોહમંદ ઇમરાન ઉર્ફે વોરા નીઝામુદીન ગુલામ મયુદીન વોરા રહેવાસી- ૧૬૪૦, સુરતી સોસાયટી, રામોલ રોડ, અમદાવાદ શહેર |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

(૧)

## મણીનગર પો.સ્ટે.ના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમરાઇવાડી પોલીસ

મે.પો.કમી.શ્રી અમદાવાદ શહેર તથા અધીક પો.કમી.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચનાથી ના.પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીજન સાહેબ નાઓએ વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.મહેન્દ્રસિંહ જગતસિંહ બ.નં,૫૮૧૭ તથા પો.કો. ભાવેશકુમાર રામદાસ નાઓની સંયુકત બાતમી આધારે મળી આવેલ આરોપણ બેનો (૧) સીમાબેન ઉર્ફે આશા વા/ઓ મહેન્દ્રભાઇ રાજેશભાઇ દંતાણી રહે બ્લોક નં ઓ/003 ન્યુ મહાલક્ષ્મીનગર, જોગમાયાનગરની સામે અમરાઇવાડી અમદાવાદ (૨) લક્ષ્મીબેન રાજેશભાઇ સવજીભાઇ દંતાણી રહે-સદર આ આરોપણ બેનો સાસુ-વહુ થતી હોય. તેઓ કાંકરીયા કાર્નિવલમા જઇ માણસોની ભીડમાથી લોકોની નજર ચુકવી ચોરી કરતા હોય ચોરીનો મુદ્દામલ રોકડા રૂ.૧૪000/- સાથે મળી આવેલ જે બાબતે મણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર,નં ૧૨૫/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદર આરોપણ બેનોને આજરોજ તા.૩૧/૧૨/૨૦૧૯ ના ક. ૧૪/30 વાગે CRPC કલમ ૪૧(૧)ડી, મુજબ કાયદેસર કાર્યવાહી કરી મણીનગર પો.સ્ટે.જાણ કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે તા. ૩૧/૧૨/૨૦૧૯.



(૨)

મે.પો.કમી.શ્રી અમદાવાદ શહેર તથા અધીક પો.કમી.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચનાથી ના.પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીજન સાહેબ નાઓએ વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના એલ.આર.રમેશકુમાર ઇશ્વરભાઇ બ.નં. ૧૨૯૧૨ તથા એલ.આર. સુરેશભારથી હરીભારથી બ.નં.૧૨૫૬૯ નાઓની સંયુકત બાતમી આધારે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર વિપુલ ઉર્ફે વિશાલ ઉર્ફે પ્રેમ સ/ઓ પપ્પુભાઇ મારવાડી ઉ.વ.૧૭ રહે ભવાની નગરનો ટેકરો બળદેવભાઇ રબારીના મકાનમાં ઓઢવ અમદાવાદ શહેર નાનો નિકોલ ઓઢવ રામોલ તથા તેની આજુબાજુના વિસ્તારમાથી ચોરી કરતો હોય જેમા કુલ મોબાઇલ નંગ-૧૦ મળી આવેલ જેમાથી એક VIVO બ્લેક કલરનો મોબાઇલ ફોન જેનો IMEI NO:- 868888039195473, 868888039195465 છે જે મોબાઇલ ફોન ચારેક મહિના અગાઉ રીંગરોડ પાસે શાશ્વત -૨ ફ્લેટ મા મકાનમાથી સવારના સમયે ચોરી કરેલ છે જે બાબતે રામોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૨૫/૧૯ ઇપીકો કલમ ૪૫૪, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેને આજરોજ તા.૩૧/૧૨/૨૦૧૯ ના ક. ૨૦/૦૦ વાગે CRPC કલમ ૪૧(૧)ડી, મુજબ કાયદેસર કાર્યવાહી કરી રામોલ પો.સ્ટે.જાણ કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે તા. ૩૧/૧૨/૨૦૧૯.



# ચલણી નોટોની છેતરપીંડી કરતા આરોપીની અટકાયતની વિગત

## જીઆઇડીસી વટવા પોલીસ સ્ટેશન :

## ચલણી નોટોના બંડલ જેવુ કાગળનુ બંડલ બતાવી છેતરપીંડી કરતા ઇસમને પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા ઠગાઇના ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન મુજબ ચલણી નોટોના બંડલ જેવુ કાગળનુ બંડલ બતાવી છેતરપીંડી ના બનતા ગુનાઓ અટકાવવા સારુ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ. સી.એમ.રાઠોડ સાહેબ નાઓએ **પો.કો. હીરેનભાઇ અશ્વિનભાઇ બ.ન.૪૧૭૫ તથા લોકરક્ષક હરદીપસિંહ ભુપતસિંહ બ.ન.૪૮૫ નાઓ મારફતે મળેલ બાતમી હકીકત આધારે** પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન **જી.આઇ.ડી.સી. વટવા એસ.બી.આઇ. બેંકના એ.ટી.એમ. પાસેથી** આરોપી નીશારખાન સ/ઓ ઇન્દ્રાજખાન સુલતાનખાન જાતે ખાન (મન્સુરી) હાલ રહે,વટવા કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર મુળ વતન-ગડી બુદારા તા-પોરસા જી-મુરેના મધ્યપ્રદેશ નાઓને તેમના કબ્જામાંથી મળેલ **એક સફેદ કલરના કાપડમાં હાથ સિલાઇ કરેલ ચલણી નોટોના બંડલ જેવુ કાગળનુ બંડલ** સાથે પક્ડી અટક કરી રીમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરેલ છે.

### ભેદ ઉકેલવામાં આવેલ ગુનાઓ

(૧) જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૪૩/૨૦૧૯ ઇ.પી.કો.૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ

